રાજ્યમાં કોરોનાના આતંક યથાવત, વધુ ૨૪૭ કેસ

ગુજરાતમાં કુલ ૩૫૪૮ કેસ : અમદાવાદમાં કોરોનાનો આતંક યથાવત : વધુ ૧૯૭ કેસ, રાજ્યમાં રીકવર ૩૯૪, રાજ્યમાં વધુ ૧૧ના મોત સાથે મૃતાંક ૧૬૨ પર

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં કોરોના વિસ્ફોટ જારી રહ્યો છે. આજે વધુ ૨૪૭ કેસ સપાટી પર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા વધીને ૩૫૪૮ સુધી પહોંચી હતી. આજે વધુ ૧૧ લોકોના મોત સાથે ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૧૬૨ પર પહોંચ્યો હતો. અમદાવાદમાં સ્થિતિ સૌથી ચિંતાજનક રીતે બનેલી છે કારણ કે કેસોમાં જોરદાર વિસ્ફોટ થઈ રહ્યો છે. ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં વધી રહ્યા છે. અન્યત્ર સ્થિતિ કાબૂમાં આવી રહી છે પરંતુ અમદાવાદના લીધે આંકડો ઉલ્લેખનીય રીતે વધ્યો છે. આજે પણ કોરોના પ્રભાવિત વિસ્તારોમાં સઘન તપાસની કામગીરી યથાવત રીતે જારી રહી હતી. જેના ભાગરૂપે અમદાવાદમાં વધુ ૧૯૭ કેસો સપાટી પર આવ્યા હતા. હોટસ્પોટ બનેલા અને ખતરનાક રીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છે. અમદાવાદમાં આજે જે ૧૯૭ પોઝિટિવ કેસ આવ્યા હતા. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૩૭૮	૧૦૯	૨૧૨
વડોદરા	૨૪૦	૧૩	૫૬
સુરત	૫૫૬	૧૯	૨૦
રાજકોટ	૪૬	૦૦	૧૫
ભાવનગર	૪૦	૦૫	૧૮
આણંદ	૫૧	૦૩	૧૪
ભરૂચ	૨૯	૦૨	૧૪
ગાંધીનગર	૩૦	૦૨	૧૨
પાટણ	૧૭	૧	૧૧
પંચમહાલ	૨૦	૨	૦૦
બનાસકાંઠા	૨૮	૦૧	૦૧
નર્મદા	૧૨	૦૦	૦૧
છોટાઉદેપુર	૧૩	૦૦	૦૩
કચ્છ	૦૬	૦૧	૦૧
મહેસાણા	૦૭	૦૦	૦૨
બોટાદ	૧૩	૦૧	૦૦
પોરબંદર	૦૩	૦૦	૦૩
દાહોદ	૦૪	૦૦	૦૧
ગીરસોમનાથ	૦૩	૦૦	૦૨
ખેડા	૦૬	૦૦	૦૧
જામનગર	૦૨	૦૧	૦૦
મોરબી	૦૧	૦૦	૦૦
સાબરકાંઠા	૦૩	૦૦	૦૨
અરવલ્લી	૧૮	૦૧	૦૦
મહીસાગર	૧૦	૦૦	૦૦
તાપી	૦૧	૦૦	૦૦
વલસાડ	૦૫	૦૧	૦૦
નવસારી	૦૩	૦૦	૦૦
ડાંગ	૦૨	૦૦	૦૦
સુરેન્દ્રનગર	૦૧	૦૦	૦૦
કુલ	૩૫૪૮	૧૬૨	૩૯૪

બદરુદ્દીન શેખની ચીર વિદાયથી અમદાવાદે સાચો જન સેવક ગુમાવ્યો : ગુજરાત કૉંગ્રેસ

અમદાવાદ,તા.૨૭

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને અમદાવાદ મહાનગર પાલિકામાં વિપક્ષના પૂર્વ નેતા બદરુદ્દીન શેખનું કોરોના વાયરસના કારણે નિધન થયું છે. તેમણે રવિવારે રાત્રે અંતિમ શ્વાસ ભર્યા હતા. ૬૮ વર્ષીય શેખ એસવીપી હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહ્યા હતા. વાયરસના સંક્રમણનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદથી તેમની પરિસ્થિતિ ગંભીર થઈ ગઈ હતી. કૉંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને તેમના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે.

રાહુલ ગાંધીએ ટ્વીટમાં કહ્યું કે ગુજરાત કૉંગ્રેસ ના વરિષ્ઠ નેતા અને અમદાવાદ નગર નિગમમાં કૉંગ્રેસના ધારાસભ્ય બદરુદ્દીન શેખજીનું કોરોના વાયરસના કારણે નિધન થયુ હોવાના સમાચાર સાંભળીને દુઃખ થયું. દુઃખના આ સમયમાં મારી સંવેદનાઓ તેમના પરિવાર અને પ્રીયજનો સાથે છે. ગુજરાત કૉંગ્રેસ અને કૉંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ પણ ટ્વીટ કરીને બદરુદ્દીન શેખને શ્રદ્ધાંજલી અર્પી. શક્તિસિંહ ગોહિલે પણ તેમના નિધન પર શોક વ્યક્ત કરતા જણાવ્યું કે, એક સાચો જન સેવક કેવા હોય તે જોવા હોય તો બદરુદ્દીનભાઈને જોવા પડે. તેઓ જ્યારથી કૉંગ્રેસમાં સક્રિય હતા ત્યારથી તેમની સાથે મારો નિકટનો સંબંધ હતો. કોરોનાને કારણે ઘણા નેતાઓ જનતાથી સંપૂર્ણ સંપર્ક તોડીને ઘરમાં ભરાઈને બેઠા હતા ત્યારે બદરૂદ્દીનભાઈ તેમને મળવા આવનાર દરેક લોકોની વાત સાંભળતા હતા અને સરકાર સમક્ષ મુકતા હતાં. બદરુદ્દીન શેખના જવાથી અમદાવાદે એક સાચો જન સેવક ગુમાવ્યો છે. કૉંગ્રેસ પક્ષ માટે પણ ન પુરી શકાય તેવી આ ખોટ છે.

ગુજરાત કૉંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ શેખના નિધન પર દુઃખની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે, બદરૂદ્દીન શેખ આ મહામારી વચ્ચે પણ પ્રજા વચ્ચે રહીને તેમના કામ કરતા હતાં. તે દરમિયાન જ તેમને કોરોનાનો ચેપ લાગ્યો અને આજે આપણી વચ્ચે નથી રહ્યાં. ભગવાન તેમના આત્માને શાંતિ આપે. તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. બદરૂદ્દીનભાઈ સાથે હું છેલ્લા ૨૦ વર્ષથી સંકળાયેલો હતો. તેઓ નાનામાં નાના માણસને કઈ રીતે મદદરૂપ થાય તે માટે હંમેશા તત્પર રહેતા. તેઓ અમદાવાદ શહેરમાં કોમી એકતા માટે પણ વર્ષોથી કામ કરતા હતાં.

કોરોનાને માત આપનાર ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને હોસ્પિટલમાંથી રજા અપાઈ

જંગ જીત્યા પછી ખેડાવાલાએ પ્લાઝ્મા ડોનર બનવાની તૈયારી દર્શાવી

અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર યથાવત રહ્યો છે. રવિવારે હોટસ્પોટ અમદાવાદની વાત કરીએ તો નવા ૧૭૮ કેસ નોંધાયા હતા, જ્યારે ૧૯ લોકોના મોત નિપજ્યા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૦૫ પર પહોંચી ગયો છે, જ્યારે ૨૫ દર્દીઓ કોરોના સામેની જંગ જીતી ગયા છે. આ સાથે અમદાવાદમાં કુલ સંખ્યાની વાત કરીએ તો ૨૧૮૧ પોઝિટિવ કેસ નોંધાયા છે, જ્યારે મૃત્યુઆંક ૧૦૫ થયો છે જ્યારે અત્યાર સુધીમાં ૧૪૦ દર્દી સાજા થયા છે. કોરોનાને કારણે ગુજરાત કૉંગ્રેસને ખુબ જ મોટો ફટકો લાગ્યો છે.

અમદાવાદના કૉંગ્રેસનાં મોટા નેતા બદરૂદ્દીન શેખનું નિધન થયું છે. બદરૂદ્દીન શેખે એસવીપી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. તેઓએ એસવીપી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ત્યારે બીજી બાજુ કૉંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કોરોનાને મ્હાત આપી છે. આજે સ્ન્છ ઈમરાન ખેડાવાલાનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સાથે તેમને મીડિયા સાથે કોરોના સામેનો જંગ કેવી રીતે જીત્યો તેની વાતચીત કરી હતી.

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કોરોના સામે જંગ જીત્યા પછી પ્લાઝ્મા ડોનર બનવાની તૈયારી દર્શાવી છે. એમએલએ ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે, કોઈપણ લક્ષણ જણાય તો સારવાર લો. કોરોના સામે તબીબો, મેડિકલ સ્ટાફ સારૂ કાર્ય કરે છે. હું ૧૪ એપ્રિલથી એસવીપીમાં સારવાર હેઠળ હતો. તમને જણાવીએ કે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે, પરંતુ તેમના પરિવારના ૬ સભ્યો હોસ્પિટલમાં જ રહેશે.

ડીસામાં વિના મંજૂરીએ ખૂલેલી દુકાનો તંત્ર દ્વારા બંધ કરાવાઈ

સમગ્ર દેશમાં વ્યાપેલી કોરોનાની મહામારીને રોકવા માટે સરકારે અથાક પ્રયાસો હાથ ધર્યા છે જેમાં લોકોને જીવલેણ કોરોનાથી બચાવવા માટે બે તબક્કામાં લોકડાઉન પણ જાહેર કર્યું છે પણ જીવન જરૂરી વસ્તુઓ મળી રહે તે માટે આંશિક છૂટછાટ પણ આપવામાં આવી છે. જો કે છેલ્લા ઘણા દિવસથી લોકડાઉનના કારણે મધ્યમ અને જરૂરિયાતમંદ લોકોની હાલત કફોડી થવા પામી છે. મધ્યમ વર્ગની કથળી રહેલી પરિસ્થિતિના પગલે રાજ્ય સરકાર પણ ચિંતિત બની હતી અને આગોતરા આયોજનના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા જે વિસ્તારમાં કોરોનાના કેસ ન હોય તેમજ આ વિસ્તારો નગર પાલિકા હદ વિસ્તારની બહાર આવેલા હોય તેવી ઈન્ડસ્ટ્રીઓ, ખાતરની દુકાનો અને ખેતીને લગતી ચીજવસ્તુઓની દુકાનોને ખુલી રાખવા માટે ગત શનિવારની મધ્યરાત્રીથી છૂટ આપવા માટે જિલ્લા કલેકટર દ્વારા એક શરતી જાહેરનામું પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેમાં સોસીયલ ડિસ્ટનશ અને માસ્ક સાથે લોકો પોતાની દુકાનો અને ધંધા ખોલી શકશે તેવી જાહેરાત કરાઈ હતી જોકે લોકોમાં ઉભી થયેલી ગેરસમજના કારણે સોમવારે ડીસા પાલિકા હદ વિસ્તાર આવેલી મોટા ભાગની દુકાનો ખુલી જવા પામી હતી અને એકાએક દુકાનો ખુલી જતા લોકોએ પણ ખરીદી કરવા માટે ભારે ધસારો કર્યો હતો. અચાનક મુખ્ય બજારમાં ભીડ એકત્ર થઈ જતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું અને ડીસા મામલતદાર, પાલિકા ચીફ ઓફિસર અને દક્ષિણ પી. આઈ. સહિત પોલીસનો કાફલો તાત્કાલિક બજારમાં પહોંચી ગયો હતો અને વેપારીઓને સમજાવી દુકાનો બંધ કરાવી લોકોને જાહેરનામાં વિશે વિગતવાર સમજ આપી પરત ફરવા જણાવ્યું હતું.

જગાણા કોવિડ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસથી સોમવારે પાલનપુર તાલુકાના જગાણા ગામના વૃદ્ધાનું મોત નિપજ્યું હતું. જેમણે પાલનપુર કોવિડ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. જિલ્લામાં કાતિલ કોરોનાએ વૃદ્ધાનો ભોગ લેતા પ્રજાજનોમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ ઝડપભેર પ્રસરી રહ્યો છે. જ્યાં પાલનપુર તાલુકાના ગઠામણ, ભાગળ (જ), વાવ અને થરાદ તાલુકામાં લોકલ સંક્રમણથી આ મહામારી આગળ પ્રસરી રહી છે. આવી સ્થિતિ વચ્ચે સોમવારે જિલ્લામાં કોરોના વાયરસથી પ્રથમ મોત નોંધાયું હતું. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, પાલનપુર તાલુકાના ભાગળ (જ) ગામે ચાર દિવસ અગાઉ મુંબઈની હિસ્ટ્રી ધરાવતાં ૬૫ વર્ષના વૃદ્ધાનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતાં તેમને પાલનપુર ખાતેની કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સોમવારે સારવાર દરમિયાન વૃદ્ધાનું મોત નિપજ્યું હતું. ભાગળના બીજા પણ એક પુરૂષનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. જેઓ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. દરમિયાન આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ભાગળ ગામમાં સર્વે કરવામાં આવ્યો છે. જ્યાં બન્ને દર્દીઓના સંપર્કમાં આવેલા તેમના પરિવારજનો સહિતના લોકોને હોમ કોરેન્ટાઈન કરવામાં આવ્યા છે.

લોકડાઉનમાં છત્તીસગઢમાં ફસાયેલ પિતા પુત્રની અંતિમક્રિયાથી દૂર રહેવા મજબુર

લોકડાઉનમાં અનેક કરૂણ ઘટનાઓ બની છે અનેક લોકો કોરોનાની મહામારીના પગલે મૃત્યુ પામેલા સ્વજનોની અંતિમવિધિથી વંચિત રહ્યા હોવાની સાથે મરણોત્તર ક્રિયાઓ બંધ રાખવાની ફરજ પડી હતી આવીજ એક ઘટના અરવલ્લી

જીલ્લાના મોડાસા તાલુકાના દધાલિયા ગામે બની હતી જેમાં ૮ વર્ષીય બાળક ઘર નજીક રમતા-રમતા હોજમાં ડૂબી જતા મોત નિપજતા ચકચાર મચી હતી. ''ન જાણ્યું જાનકીનું થશે'' જેવી વજ્રઘાત સમાન ઘટનાથી મૃતક બાળકના પિતા છત્તીસગઢની ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાથી ઘટનાની જાણ કરતા પિતા આઘાતમાં સરી પડ્યા હતા. ભારે હૈયે લોકડાઉનની સ્થિતિમાં પોતાના વ્હાલા સોયા દીકરાની અંતિમવિધિમાં દૂર રહેવા મજબુર બન્યા હતા ૮ વર્ષીય બાળકના આકસ્મિક મોતથી દધાલિયા પંથકમાં શોકની લાગણી છવાઈ હતી.

શનિવારે રાત્રે મોડાસા તાલુકાના દધાલિયા ગામે મિહિર યોગેશભાઈ પ્રણામી નામનો ૮ વર્ષીય બાળક ઘર પાસેથી રમતા રમતા ગુમ થતા પરિવારજનોએ બાળકની શોધખોળ હાથ ધરતાં બાળક ઘર નજીક પાણીથી છલોછલ હોજમાં ડૂબી ગયેલી સ્થિતિમાં મળી આવતા પરિવારજનોએ તાબડતોડ હોજમાંથી બહાર કાઢી મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો પરંતુ ફરજ પરના તબીબે બાળકનું મોત થયું હોવાનું જણાવતા પરિવારજનોમાં ભારે આક્રંદ છવાયું હતું. બાળકના પિતા છત્તીસગઢમાં ખાનગી કંપનીમાં સર્વેયર તરીકે ફરજ બજાવતા હોવાથી ઘટનાની જાણ કરતા પિતાએ લોકડાઉનની સ્થિતિમાં વાહનવ્યવહાર બંધ હોવાથી પહોંચવું મુશ્કેલ હોવાથી અને ખાનગી વાહન મારફતે પહોંચતા પણ બે ત્રણ દિવસ લાગે તેમ હોવાથી ભગ્ન હૃદયે પુત્રની અંતિમવિધિ કરવાનું પરિવારજનોને જણાવતા પરિવારજનોએ પુત્રની અંતિમવિધિ પૂર્ણ કરી હતી લોકડાઉનમાં પિતા પોતાના એકનાએક વ્હાલા સોયા પુત્રનું અંતિમ વાર મોઢું પણ ન જોઈ શકતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર યોગેશભાઈ રાજ્ય બહાર નોકરી કરતા હોવાથી તેમના પુત્ર-પુત્રીના ઉચ્ચ અભ્યાસ માટે તેમની પત્ની મોડાસા શહેરની પારસ સોસાયટીમાં રહેતા હતા પરંતુ લોકડાઉન જાહેર થતા મહિલા તેમના બંને બાળકોને લઈને વતનમાં રહેવા આવ્યા હતા અને ગોજારી ઘટના બનતા લોકડાઉન તેમના પરિવાર માટે આઘાતજનક રહ્યું હતું.

ગરમીનો મિજાજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુભવી રહ્યા છે. આજે પણ ગરમીનો પારો ઉંચે ગયો હતો. ગઈકાલે એક ડીગ્રી ગરમી ઉંચકાયા બાદ આજે મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૬.૫ ડીગ્રી રહ્યુ હતુ. બપોરના સમયે આકાશમાંથી અંગારા વરસ્યા હતા.

આકમક ગરમીના લીધે બપોરના સમયે ખુલ્લી રહેતી જરૂરી ચીજવસ્તુઓની દુકાન પર કોઈ જોવા મળ્યુ ન હતુ. જયારે નગરમાં આકરી ગરમી અને લોકડાઉનના લીધે દિનભર સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. હાલ ગરમીથી બચવા માટે રાત્રિના સમયે પણ નાગરિકો ઘરની બહાર નિકળવા જઈ શકતા નથી ત્યારે નગરજનો માટે ઉનાળો વધુ આકરો પુરવાર થઈ રહ્યો છે. રોજબરોજ ગરમીનો પારો ઉંચે ચડી રહ્યો છે. આકરી ગરમી સાથે બફારો વધતા નગરજનો પરસેવે ભીંજાઈ રહ્યા છે.

દયાજનક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકા મીઠાઈ એસોસિએશનના પ્રમુખ કૌશિક સુખડીયાએ આ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજુઆતમાં જણાંવ્યા અનુસાર કોરાના સંક્રમણની લડાઈમાં સરકાર ઉત્તમ કામગીરી કરે છે. બીજીતરફ સરકારે જારી કરેલા લોકડાઉનના અમલના ભાગરૂપે અન્ય વેપારીઓની જેમ મીઠાઈ ફરસાણના વેપારીઓએ પણ દુકાનો બંધ રાખી લોકડાઉનનો કડક અમલ કર્યો છે. ૮

ારંતુ લોકડાઉનના બન્ને તબક્કા દરમિયાન કરિયાણાની દુકાનો , ડેરી પાર્લર તેમજ બેકરીની આઈટમોનુ વેચાણ થાય છે. જેમાં નમકીન ફરસાણનુ પણ વેચાણ થાય છે. આવા સંજોગોમાં મીઠાઈ ફરસાણના વેપારીઓ દ્વારા જાતે જ ગુણવત્તાયુક્ત મીઠાઈ અને ફરસાણ તૈયાર કરવામાં આવતુ હોવા છતા વેપારની છુટ આપવામાં આવતી નથી. વેપારીઓ જાતે જ ગુણવત્તાયુક્ત નમકીન ફરસાણ અને ડેરીની આઈટમો બનાવવામાં આવે છે. છતા વેપારીઓને છુટછાટ આપવામાં આવતી નથી. હવે લોકડાઉનનો બીજો તબક્કો પણ પુર્ણ થવાના આરે છે. ત્યારે આ પુર્વે જ અન્ય દુકાનોને પણ ખુલ્લી રાખવા માટે છુટછાટ આપવામાં આવી છે. આમછતા આ દુકાનોમાં મીઠાઈ ફરસાણનો સમાવેશ થતો નથી ત્યારે દુકાનો ખુલ્લી રાખવા દેવા માટે કયા પ્રકારનો માપદંડ અપનાવાયો છે. તે સામે પણ અનેક સવાલો મંડરાયા છે.

ચૈત્ર મહીના દરમિયાન રામનવમી , હનુમાન જયંતિ પરશુરામ જયંતિ , મહાવીર જયંતિ,અખાત્રીજ સહીતના તહેવારો માં પણ મીઠાઈ ફરસાણના વેપારીઓ ધંધાથી વંચિત રહ્યા છે. જેના લીધે વેપારીઓ મોટી આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. રાજયમાં લાંબા સમયથી વેપાર ધંધા બંધ હોવાથી ગંભીર આર્થિક સંકટ ઉભુ થયુ છે. ત્યારે વેપારીઓને આ સ્થિતિમાંથી ઉગારવા માટે માનવતાના ધોરણે કામ ધંધો કરવાની છુટ આપવી જોઈએ તેવી પણ માંગણી કરવામાં આવી છે. તેમણે વધુમાં રજુઆતમાં જણાંવ્યા મુજબ મીઠાઈ ફરસાણના વેપારીઓને છુટછાટ આપવામાં આવશે તો સરકારની ગાઈડ લાઈન મુજબ યોગ્ય નિતીનિયમોનુ પાલન કરવામાં આવશે.

ત્રીજા તબક્કાની... ● પહેલા પાનાનું ચાલુ

હતી. મોદીએ મુખ્યમંત્રીઓ સાથે હાલની સ્થિતિ પર માત્ર ૨ કલાકની ચર્ચા કરી હતી, સમય ઓછો હોવાના કારણે ૯ મુખ્યમંત્રી જ વાત કરી શક્યા હતા. લોકડાઉનનો બીજો તબક્કો ૩જી મેના રોજ પૂરો થવાનો છે. બેઠકમાં એવી પણ ચર્ચા થઈ કે દરેક રાજ્યો ઝોન બનાવીને લોકડાઉન ખોલી શકાય. રાજ્યોએ લોકડાઉન મામલે પોતાની નીતિ બનાવવી પડશે. તેમણે રાજ્યોને કહ્યું કે, અર્થતંત્રનું ટેન્શન ન લો, જ્યાં કોરોના વધુ કેસો છે ત્યાં લોકડાઉન ચાલુ રહેશે, એમ પણ તેમણે કહ્યું હતું.તેમણે રાજ્યોને જે તે વિસ્તારની પરિસ્થિતિ અનુસાર લોકડાઉન ખોલવાની યોજના બનાવવા માટે કહ્યું છે.

મોદીએ આ બેઠકમાં કહ્યું હતું કે રાજ્ય સરકારોએ લોકડાઉન કેવી રીતે ખોલવું જોઈએ તેની નીતિ તૈયાર કરવી જોઈએ અને આમાં, લાલ, લીલો અને નારંગી ઝોનમાં તેના વિસ્તારોમાં રાજ્યમાં લોકડાઉન ખોલી શકાય છે. એવા રાજ્યોમાં લોકડાઉન ચાલુ રહેશે કે જ્યાં વધુ કેસો છે. જ્યાં કેસો ઓછા છે ત્યાં તેવા રાજ્યોમાં જિલ્લાવાર રાહત આપવામાં આવશે. મોદીએ કહ્યું કે અર્થવ્યવસ્થા અંગે તણાવ ન લો, આપણી અર્થવ્યવસ્થા સારી છે. સમજાવો કે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે દેશના જુદા જુદા જિલ્લાઓને ઝોન મુજબ વહેંચી દીધા છે, હવે રેડ ઝોનમાં ૧૭૦ થી વધુ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ મીટિંગમાં પીએમ મોદી ૩ મેના રોજ સમાપ્ત થનાર લોકડાઉન ૨.૦ બાદના એક્ઝિટ અંગે વાત કરી હતી. પીએમઓના સૂત્રોના મતે, મોટાભાગના રાજ્યો ૩ મે બાદ પણ લોકડાઉન ચાલુ રાખવા માંગે છે પરંતુ આ બધાની વચ્ચે કેટલાંય મોર્ચા પર છૂટછાટ પણ માંગી છે. તો કૉંગ્રેસ શાસિત રાજ્ય મીટિંગમાં એ પ્રસ્તાવ મૂક્યો કે હવે આગળ લોકડાઉનની રણનીતિને રાજ્યોની જવાબદારી પર છોડી દેવામાં આવે અને તેઓ પોતાની પ્રમાણે લાગૂ કરે. આ બેઠકમાં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજસ્થાનના કોટામાં ફસાયેલા બાળકોનો મુદ્દો ઉઠાવ્યો હતો. નીતીશ કુમારે માંગ કરી હતી કે લોકડાઉનમાં ફસાયેલા બાળકો લાવવાની નીતિ બનાવવામાં આવે, ઘણા રાજ્યો સતત બાળકોને પાછા બોલાવે છે.

પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, દેશના અન્ય હિસ્સાઓમાં ફસાયેલા રાજ્યના લોકોને પરત લાવવા માટે અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યા છે. પીએમ મોદીની સાથે મીટિંગમાં આ વખતે બિહાર, ઓડિશા, ગુજરાત, હરિયાણા, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના મુખ્યમંત્રીઓનો વારો હતો. પૂર્વોત્તરથી મેઘાલય અને મિઝોરમના મુખ્યમંત્રીએ પણ પોતાની વાત રજૂ કરી હતી. સૂત્રોનું કહેવું છે કે કેન્દ્ર તમામ રાજ્યો- નાના કે મોટા તમામને વાત રજૂઆત કરવાની તક આપવા માંગે છે.

કોરોનાનું સંક્રમણ... ● પહેલા પાનાનું ચાલુ

દેશના ૨૬ રાજ્ય અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોરોના સંક્રમણ પહોંચી ગયું છે, પરંતુ સૌથી વધારે સંક્રમણ વાળા ૯ રાજ્યોમાં જ રવિવાર સુધી કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૪,૪૧૮ હતી. જે દેશના કુલ સંક્રમિતોનો લગભગ ૮૮% છે. રવિવારે દેશમાં કોરોના સંક્રમણના ૧૬૦૭ કેસ આવ્યા હતા. . જેમાં મહારાષ્ટ્રમાં ૪૪૦, દિલ્હીમાં ૨૯૩, ગુજરાતમાં ૨૩૦, મધ્યપ્રદેશમાં ૧૪૫ અને રાજસ્થાનમાં ૧૦૨ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકાર પાસેથી માહિતી પ્રમાણે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, રવિવારે સાંજ સુધી ૨૪ કલાક ૧૯૭૫ નવા કેસ સામે આવ્યા છે. દેશમાં ૨૬ હજાર ૯૧૭ કોરોના સંક્રમિત છે. જેમાંથી ૨૧ હજાર ૩ લોકોની સારવાર ચાલી રહી છે. ૫૯૧૪ સાજા થયા છે અને ૮૨૬ લોકોના મોત થયા છે. કેન્દ્ર સરકારે કહ્યું કે, દેશમાં કોરોનાના હોટ સ્પોટ વિસ્તાર હવે નોન હોટ સ્પોટમાં ફેરવાઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી, ડો. હર્ષવર્ધને ૨૮૩ જિલ્લામાં છેલ્લા ૨૮ દિવસમાં સંક્રમિણ સ્થિતિ સામે આવી છે. તેમના જણાવ્યા પ્રમાણે, ૬૪ જિલ્લામાં ૭ દિવસથી, ૪૮ જિલ્લામાં ૧૪ દિવસથી , ૩૩ જિલ્લામાં ૨૧ દિવસથી, ૧૮ જિલ્લામાં ૨૮ દિવસથી કોઈ નવો કેસ સામે આવ્યો નથી. મંત્રી હર્ષવર્ધન રવિવારે એઈમ્સ પહોંચ્યા હતા. અહીંયા તેમને ટ્રામા સેન્ટરનું નિરક્ષણ કર્યું. ટ્રામા સેન્ટરને કોવિડ વોર્ડ બનાવાયું છે.

દરમ્યાનમાં પંજાબથી મળતા એક અહેવાલમાં કોરોના વોરિયર હરજીતનું સન્માન અંગે સૂત્રોએ કહ્યું કે, પંજાબમાં કોરોના વોરિયર હરજીત સિંહને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરમાંથી પ્રમોશન આપીને સબ ઈન્સપેક્ટર બનાવાયા છે. લોકડાઉન દરમિયાન નિંહગોના હુમલામાં તેમનો હાથ કપાઈ ગયો હતો. જો કે, ડોક્ટર્સે તેને જોડી દીધા છે. હરજીતના સન્માનમાં પોલીસ વિભાગે પણ 'મેં ભી હરજીત' અભિયાન ચલાવ્યું છે. જેના હેઠળ રાજ્યના ડીજીપી દિનકર ગુપ્તાએ પોતાની વર્ધી પર હરજીત નામની પ્લેટ લગાવી છે.

વિશ્વમાં ૩૦ લાખ...

● પહેલા પાનાનું ચાલુ

અમેરિકામાં ઘણા રાજ્યો જેવા કે મિનિસોટા, કોલોરાડો, મિસિસિપી, મોંટાના અને ટેનેસીમાંથી પ્રતિબંધો હટશે. એક રિપોર્ટ મુજબ રવિવારે ન્યૂયોર્ક પોલીસના બે અધિકારીઓનું મોત થયુ હતું. અત્યાર સુધીમાં ન્યુયોર્કના કુલ ૩૭ પોલીસ કર્મચારીઓના મોત થયા છે. ન્યુયોર્કમાં રવિવારે એપ્રિલમાં પ્રથમ વખત ૪૦૦થી ઓછા મોત થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૨ હજાર ૨૭૫ લોકોના મોત થયા છે, જ્યારે બે લાખ ૯૩ હજાર ૯૯૧ લોકો સંક્રમિત છે.

ઘરમાં રહો સુરક્ષિત રહો